Research Review
The Refereed & Peer Review International Journal
www.researchreviewonline.com

ISSN: 2321- 4708
Dec. 2020, Year - 7 (92)
Paper ID : RRJ156967

# “ભુજ શહેરની ગૃહિણીઓ અને વ્યવસાયીક મહીલાઓનો નારી સ્વાતંત્ર્ય અંગેનો અભિગમનો અભ્યાસ”

:સંશોધક:
પારેચા વસુધા આર.
□.□, □□□
સૌરાષ્ટ્ર યુનિવર્સિટિ, રાજકોટ

---

**સારાંશ**

પ્રસ્તુત સંસોધનનો હેતુ ગૃહિણી અને વ્યવસાયીક સ્ત્રીઓમાં નારી સ્વાતંત્ર્ય અંગેના અભિગમો નો અભ્યાસ કરવાનો છે. આજની સ્ત્રી પોતાના મત અનુસાર કારકિર્દી ઘડી શકે છે.જીવનના અગત્યનાં નિર્ણય લઈ શકે છે. ૨૦૦૧ ના વિનાશક ભૂકંપ બાદની પરિસ્થિતિમાં આર્થીક વ્યવસ્થાપન પણ નોકરી કે વ્યવસાય દ્વારા કરી શકે છે. તે ચકાસવા માટે ભુજની ૬૦ ગૃહિણી અને ૬૦ વિવિધ વ્યવસાયીક મહિલાઓને નમુના તરીકે લેવામાં આવેલ. શ્રી એલ.જે. ભુષણની સ્ત્રી સામાજિક સ્વતંત્ર તુલાનો ઉપયોગ કરી માહિતી એકત્રિત કરવામાં આવેલ જેની ‘ □ ‘ કસોટી દ્વારા ચકાસણી કરવામાં આવી. પરિણામો ૦.૦૧ ની કક્ષાએ સાર્થક પુરવાર થાય છે. એટલે કે ભુજની વ્યાવસયિ મહિલાઓમાં ગૃહિણીઓની સાપેક્ષે શ્રી સતાન્ત્રનું વલણ ઉચા પ્રમાણમાં જોવા મળે છે

---

**ચાવીરૂપ સબ્દો:** સ્ત્રી સ્વાતંત્ર્ય નો અભિગમ ગૃહિણી અને વ્યવસાયીક સ્ત્રી.

**પ્રસ્તાવના:**

બીજા વિશ્વયુદ્ધના અંતે સમાજમાં ઉત્પન પરિસ્થિતિના પરિણામે સ્ત્રીઓને ઘરની જવાબદારી પૂરી કરવા માટે ઘરની બહાર નીકળવું પડ્યું. પરિણામે સ્ત્રીઓ ભણતર, કૌટુંબિક હકો, વ્યવસાય તથા કાનૂની-રાજકીય હકો માટે વધરે જાગૃત બની અને તેનામાં સ્ત્રી સ્વાતંત્ર્ય અંગેના ખ્યાલો વિકસ્યા. સમાજમાં યુવકો લગ્ન માટે ઘરેલું સ્ત્રી કરતા વ્યવસાયીક મહિલા પર પસંદગી ઉતારવા લાગ્યા પરિણામે આખા સમાજમાં ધરમૂળથી પરિવર્તન આવ્યું.

૨૦૦૧ ના ભૂકંપ બાદના ભુજમાં કેટલાક પરિવારોએ પોતાના સ્વજનો ગુમાવ્યા અને કેટલાક કુટુંબમાં જયારે કોઈ કમાનાર પુરુષ ના રહ્યું તેવી પરિસ્થિતિમાં સ્ત્રી પર ઘરની આર્થીક જવાબદારી આવી પડી. હાલના ભુજમાં સરકારની ઘણી જ નવી અને રાહતદાઈ યોજનાઓના પરિણામે મોટા મોટા ઉદ્યોગો વિકસ્યા છે. તેના કર્મચારીઓમાં સ્થાનિક સ્ત્રીઓની ટકાવારી પણ સારા પ્રમાણમાં જણાય છે. વળી માળખાગત સુવિધાઓમાં વધારો થતા કચ્છની સ્ત્રીઓ પોતાના વ્યવસાય દ્વારા પગભર થવા પામી છે. આ ઉપરત પરંપરાગત કચ્છી ભરતગુથણ કસબ દ્વારા પણ કેટલીક સ્ત્રીઓ પોતાનુ ઘર ચલાવે છે. જયારે કેટલાક પરિવારોમાં સ્ત્રીઓ ગૃહિણી પરંપરાગત ભારતીય ભૂમિકા ભજવે છે. આખરે તો આ પુરુષપ્રધાન ભારતીય સમાજનો જ એક ભાગ છે. સુશીલા મહેલા (૧૯૮૨) જણાવે છે કે ભારત માં છેલ્લા દસકાથી સ્ત્રી સ્વાતંત્ર્ય અંગેના વિચારો એ જોર પકડ્યું છે.



Publishing URL: : http://www.researchreviewonline.com/issues/volume-7-issue-92-december-2020/RRJ156967

સ્ત્રી સ્વાતંત્ર્ય અંગે ખ્યાલો સ્વાભાવિક રીતેજ નોકરી કે વ્યવસાય કરતી સ્ત્રીઓને વધુ અસર કરે છે કારણ કે તેને બહાર વિજાતીય વ્યક્તિઓ સાથે કામ કરવાના વધુ પ્રસંગો આવે છે જયારે ગૃહિણીઓ સ્ત્રીની પરંપરાગત ભૂમિકાને વધુ વળગી રહે છે અને તેને સ્ત્રી સ્વાતંત્ર્યના ખ્યાલો ઓછા સ્પર્શે કારણકે કે તે પરંપરા ભૂમિકામાં મને છે.

**હેતુ :**

ભુજ શહેરની ગૃહિણી અને વ્યવસાયીક મહીલાઓનો સામાજિક નારી સ્વાતંત્ર્ય અંગેનો અભિગમ ચકાસવો.

**ઉત્કલ્પાના:**

ભુજ શહેર ગૃહિણીઓ અને વ્યવસાયીક મહિલાઓ વચ્ચે સામાજિક સ્ત્રી સ્વતંત્રાના અભિગમમાં કોઈ જ તફાવત જોવા નહી મળે.

**પદ્ધતિ:**

**નિદર્શ:** ભુજ શહેરની ૬૦ વ્યવસાયીક સ્ત્રીઓ અને ૬૦ ગૃહિણીને યદચ્છ રીતે નિદર્શ તરીકે પસંદ કરવામાં આવી.

**સાધન:** સામાજિક સ્ત્રી સ્વાતંત્રયની પ્રા. ભુષણની તુલાનો ઉપયોગ પ્રસ્તુત અભ્યાશ માટે કરવામાં આવ્યો.

પ્રા ભુષણએ રચેલી સામાજિક સ્ત્રી સ્વાતંત્ર્યની તુલામાં સ્ત્રી સ્વાતંત્ર્યને લગતા ૨૪ પ્રશ્નો છે જેમાં પ્રયોજ્ય એ સહમત/ અસહમત દર્શાવી પોતાના મત દર્શાવવાનો હોય છે. આ કાર્ય ૧૦ મિનિટ જેટલા ઓછો સમયમાં કરી શકાય છે. આ કસોટીની અર્ધકસોટી વિશ્વસનીયતા ૦.૭૬ ને કસોટી પુનઃ કસોટી વિશ્વસનીયતા ૦.૭૯ જોવા મળે છે આ કસોટીની યથાર્થતા આઈઝેન્કની રેડીક્લીઝ્મ તુલા સાથે ૦.૪૪ જેટલી જોવા મળી.

**કાર્ય પદ્ધતિ:**

પ્રા. ભુષણની સામાજિક સ્ત્રી સ્વાતંત્ર્યની કસોટી ભુજના વિભીન્ન વિસ્તારની ૬૦ વ્યવસાયક સ્ત્રી અને ૬૦ગુહિણીઓ ને આપવામાં આવી. જેના પરિણામે ઝોક્યુક્ત ના બને તે રીતે નિદર્શની પસંદગી કરવામાં આવી. શૈક્ષણિક સ્તર અને સામાજિક આર્થીક સ્તરની ભિન્નતા જળવાય તેની પુરેપુરી કાળજી લીધી. વિધેયને તુલાના પ્રશ્નો ધ્યાનથી વાચી તેની સાથે સહમત કે અસહમત છે તે સાચેસાચું જણાવવાની સુચના આપી. આ તુલનામાં કોઈ ઉત્તરો સાચા કે ખોટા ન હતા.માહિતી એકત્રિકરણ પછી તુલાના પ્રમાણિત મેન્યુંઅલને આધારે પ્રપ્તાંકોની ગણતરી કરવામાં આવી. બને જૂથોના મળેલા પ્રપ્તાકોના મધ્યક, પ્રમાણિત વિચલન શોધી ‘ ’ કસોટી દ્વારા વિશ્લેષણ કરવામાં આવ્યું અને તેને આધારે અર્થઘટન કરવામાં આવ્યું.

**પરિણામ:**

**કોષ્ટક:** ગૃહિણી અને વ્યવસાયીક મહિલાઓ ના મધ્યક પ્રમાણિત વિચલન અને ”t” મૂલ્ય દર્શાવતું કોષ્ટક

| કાર્ય નો પ્રકાર | સંખ્યા | મધ્યક | પ્રમાણિત વિચલન | ‘ t ’ મૂલ્ય | સાર્થકતાની કક્ષા |
|---|---|---|---|---|---|
| ગૃહિણી | ૬૦ | ૧૨.૨૮ | ૨.૧૬ | ૮.૭૫ | ૦.૦૧ |
| વ્યવસાયિક | ૬૦ | ૧૪.૩૦ | ૨.૭૫ | | |

પ્રસ્તુત સંસોધનમાં બંને જૂથમાંથી ગૃહિણીઓના પ્રાપ્તાંકનો વિસ્તાર ૯ થી ૧૭ અને વ્યવસાયિક મહિલાના પ્રાપ્તાંકનો વિસ્તાર ૮ થી ૨૨ જેટલો જોવા મળ્યો.જેનો આંકડાકીય પૃથક્કરણ ઉપરોક્ત કોષ્ટક પ્રમાણે જોવા મળ્યું.



Publishing URL: : http://www.researchreviewonline.com/issues/volume-7-issue-92-december-2020/RRJ156967

ગૃહિણીના પ્રાપ્તાંકનો મધ્યક ૧૨.૨૮ અને વ્યાવસાયિક મહિલાઓના પ્રાપ્તાંકનો મધ્યક ૧૪.30 જોવા મળ્યો. જે સ્પષ્ટપણે વ્યાવસાયિક મહિલાઓના નારી સ્વાતંત્ર અંગેના ખ્યાલ ગૃહિણીઓની સરખામણીમાં વધુ વિધાયક વલણનો નિર્દેશ કરે છે. તેઓના પ્રમાણિત વિચલન પણ અનુક્રમે ૨.૧૬ અને ૨.૭૫ જોવા મળ્યા જેના આધારે ' ' કસોટી કરતા ' t ' મૂલ્ય ૮.૭૮ જોવા મળ્યું જે 0.0૧ કક્ષાએ સાર્થક છે. એટલેકે ગૃહીણીઓ અને વ્યાવસાયિક સ્ત્રીઓના સામાજિક સ્ત્રી સ્વતંત્રાના અભિગમ માં નોંધપાત્ર તફાવત જોવા મળે છે.

આમ આધુનિક સમાજ માં સ્ત્રીઓ જયારે ઘરની ચાર દીવાલ ની બહાર નીકળે છે ત્યારે તેઓમાં પોતાના સમાજ પાસેથી વધારે સ્વતંત્રતા મળે તેવી અપેક્ષા સ્પષ્ટ પણે જણાય છે. જયારે ગૃહિણીઓ પરંપરાગત પુરુષ પ્રધાન સમાજ માં સામાજીકરણ પામેલી હોય સ્વતંત્રાના વિચારોમાં નરમ અભિગમ ધરાવે છે. જે દર્શાવે છે કે ભારતીય સમાજ માં નારી સ્વાતંત્રનો જુવાળ સંપૂર્ણપણે પ્રસર્યો નથી.

**નિષ્કર્ષ:**

ભુજ શહેરની ગૃહિણીઓ અને વ્યવસાયક મહિલાઓ માં નારી સ્વતંત્રાના અભિગમમાં નોંધપાત્ર તફાવત જોવા મળે છે.

**સંદર્ભગ્રંથો:**

Bhusan, L.J. , women's social Freedom scale, Agra, NPC.

Maheta , Sushila ,( 1982) '' Revaluation & The status of women in India " , New Delhi ,metropolitan publication

Shastri, Sangita, (2008) ahemadabad ni grahini ane vyavsayik mahilaono nari swatantra angeno abhigam" manovignan na sansodhan patro -1 Devine publication , Ahmedabad vol – 1 50 – 53